# *મે. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં, મુ. તળાજા.*

**ફોજદારી કેસ નં.–૧૧૯૬/૨૦૨૬.**

**આંક–૫**

**ફરિયાદી. :–શ્રી સરકાર.**

**વિરૂદ્ધ**

**આરોપી. :–કાંતિભાઇ પથુભાઇ ચૌહાણ.**

*ગુનો :–ધિ પ્રોહિ. એક્ટની કલમ–૬૬(૧)બી તથા ૮૫(૧)(૨) અન્વયે.*

## –: ચુકાદો :–

(૧) ફરિયાદ પક્ષના કેસની હકીકત પ્રમાણે આરોપી આ અદાલતની હકુમતમાં કેફી પીણુ પીધેલી હાલતમાં મળી આવેલ. આ કામે આરોપી સામે ધિ પ્રોહિ. એક્ટની કલમ–૬૬(૧)બી તથા ૮૫(૧)(૨) હેઠળના ગુનાનું તહોમતનામુ તપાસ કરનાર એજન્સીએ દાખલ કરેલ છે. જે કેસમાં આરોપી તેઓના વિ.વ.શ્રી સાથે હાજર થતા, તેઓને પોલીસ–પેપર્સની નકલ આપવામાં આવેલ.

(૨) આરોપીએ તેની સામેનો સદર ગુનો કબૂલ કરેલ છે અને આજરોજ આરોપીએ સ્વેચ્છાએ ગુના કબૂલાત આપેલ છે અને આરોપી પક્ષે રજુઆત છે કે, આ તેમનો પ્રથમ ગુનો છે, આરોપી પોતે ગરીબ છે અને આ પ્રકારનો ગુનો ભવિષ્યમાં નહીં કરે તેમજ આરોપીએ આવેશમાં સદર ગુનો કરેલ છે અને પોતાના કૃત્યથી કોઇને નુકસાન પહોંચાડેલ નથી તેમ જણાવી, તેઓને સુધરવાની તક આપવા અરજ ગુજારેલ છે. આરોપીના વિ.વ.શ્રીની રજુઆત છે કે, આરોપીએ બનાવમાં કોઇને નુકસાન કરેલ હોય કે, કોઇ ત્રાહિત પક્ષકારને હેરાનગતિ કરેલ નથી. આરોપીને સજાની નહીં, પરંતુ ઇલાજની જરૂર છે.

(૩) આરોપીએ પોતાની સામેનો ગુનો કબૂલ કરેલ છે. આરોપીની ગુના કબૂલાત સાચી ચાને કે, સ્વેચ્છીક હોવાનું આરોપીને પુછતા, આરોપીએ સ્વીકારેલ છે. આમ, ઉપરોકત તમામ બાબતો ધ્યાને લેતા, આરોપીને સુધરવાની એક તક આપવાના ઈરાદે, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

**I.** આ કામના આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ની કલમ–૨૭૫ મુજબ ધિ ગુજરાત પ્રોહિ. એક્ટ–૧૯૪૯ની કલમ–૬૬ (૧)બી તથા ૮૫(૧)(૨) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી, રૂ.૨૦૦/–(અંકે રૂપિયા બસ્સો પુરા)નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા અને આરોપી જો દંડ ના ભરે તો, વધુ દિન–૧૦ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ–૧૧, માહે–જુલાઇ, સને–૨૦૨૬ના રોજ લોક–અદાલતમાં વાંચી–સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ :–તળાજા.

**(કુ. મૃણાલી જિગીશકુમાર કિકાણી)**
જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ–તળાજા.
(કોડ નં.–જી.જે.૦૧૫૪૯).

એચ.બી.જોષી.

**પાવતી નં.–.............**
**કુલ રૂ.૨૦૦/–(અંકે રૂપિયા બસ્સો પુરા)**
**તા.૧૧/૭/૨૦૨૬.**

**સુપરિન્ટેન્ડેન્ટ,**
**જયુડિ.મેજિ.ફ.ક. કોર્ટ–તળાજા.**